ખેડા પાલિકાને 60 લાખની ગ્રાન્ટ ફાળવણી છતાં માર્ગો ખખડધજ

માર્ગોના સમારકામની ટેન્ડર પ્રક્રિયા ટલ્લે ચઢતાં છેલ્લા પાંચ માસથી નાગરિકોને હાલાકી વેઠવાનો વારો

(પ્રતિનિધિ) ખેડા તા 12

ખેડા નગરપાલિકા વિસ્તારમાં ખખડધજ રસ્તાઓના સમારકામ અને નવિનીકરણ માટે સરકાર દ્વારા માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. સરકાર દ્વારા આપવામાં આવેલ રીસરફેસ ગ્રાન્ટ છેલ્લા પાંચ પાંચ મહીનાથી બિલકુલ વપરાયેલ નથી. ગ્રાન્ટ ફાળવવામાં આવી હોવા છતાં જનતાના હિતમાં વપરાશ ના થતાં નગરજનોને હાલાકી ભોગવવી પડી રહી છે.

પ્રાપ્ત માહિતી મુજબ નગરપાલિકાના રસ્તાઓની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા 60 લાખ રૂપિયા રોડ રસ્તા રીપેર કરવા માટે ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવી છે. છેલ્લા 5 મહિનાથી ગ્રાન્ટ આવી છે. પરંતુ ટેન્ડર પ્રક્રિયા શરૂ નહીં કરી હોવાથી ખેડાના નગરજનોને ખાડાઓવાળા રસ્તાઓ પરથી પસાર થવું પડે છે.

ખેડાના માર્ગો પર ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર રસ્તા પર ઠેર ઠેર ખાડા પડી ગયા છે . જેને કારણે ખેડાના શહેરીજનોને છેલ્લા ઘણા મહીનાઓથી ખુબ તકલીફ પડી રહી છે. સરકાર દ્વારા ખેડા પાલિકાને ખેડાના રસ્તા રીપેરીંગ કરવા માટે રૂપિયા 60 લાખની ગ્રાન્ટ ફાળવી છે. મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત રીસરફેશ ગ્રાન્ટ ફાળવી દીધા બાદ 5 મહિના જેટલો સમય થઈ ગયો હોવા છતાં ટેન્ડર પ્રક્રિયા પર જ કામગીરી અટકી છે. જેથી યોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ ના થતાં નગરજનોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જેથી વહેલી તકે ગ્રાન્ટનો ઉપયોગ કરી રસ્તાઓની સમારકામ કે નવિનીકરણ કરાય તેવી માંગ ઉઠી છે.

નગરપાલિકામાં ચીફ ઓફિસરની કાયમી નિમણૂક ના થતાં નિર્ણયોમાં વિલંબ

ખેડા નગરપાલિકામાં છેલ્લા ઘણા સમયથી કાયમી ચીફ ઓફિસર નહી હોવાથી લોકહિતના વિકાસ કાર્યો મામલે જરૂરી નિર્ણય લેવામાં આવતા નથી. પાલિકા દ્વારા થતા કાર્યોની કામગીરી ખુબ જ મંદગતિએ ચાલી રહી છે.તેવો આક્ષેપ નગરજનો દ્વારા કરવામાં આવેલ છે. ખેડા શહેરમાં નવરાત્રી દરમ્યાન જ્યાં ગરબા થાય છે ત્યાં ખાડા પૂરવામાં આવ્યા છે. પરંતુ હાલમાં પણ તે જગ્યાએ ખાડા પડી ગયા છે. દિવાળી દરમ્યાન પણ ખેડા શહેરના રસ્તા રીપેરીંગ ન થતા સ્થાનિકોમાં ભારે નારાજગી જોવા મળી હતી. રસ્તાઓની મુશ્કેલીઓ બાબતે ખેડા નગરપાલિકાના એન્જીનીયરે જણાવ્યું કે હાલમાં ટેન્ડરિંગ પ્રક્રિયા ચાલુ છે તે પ્રક્રિયા પૂર્ણ થતા રીસરફેશ રોડની કામગીરી ચાલુ કરવામાં આવશે.

મહિસાગર જિલ્લા પોલીસ દ્વારા ચેક પોસ્ટ પર સઘન ચેકિંગ હાથ ધરાયું

દિલ્હીમાં ચાલતી કારમાં થયેલા શક્તિશાળી વિસ્ફોટની ગંભીર ઘટના બાદ સમગ્ર ગુજરાત પોલીસ એલર્ટ મોડમાં આવી ગઈ છે. આ ઘટનાને ધ્યાનમાં રાખીને મહીસાગર જિલ્લા પોલીસે પણ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી છે અને જિલ્લાભરમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. મુખ્ય હાઇવે અને જાહેર સ્થળો પર તપાસ કરવામાં આવી હતી. જિલ્લા મથક લુણાવાડા સહિત સમગ્ર મહીસાગર જિલ્લાના વિવિધ જાહેર સ્થળો, મુખ્ય હાઇવે માર્ગો અને મહત્વપૂર્ણ ચોકડીઓ પર પોલીસ દ્વારા વાહન ચેકિંગની કામગીરી ચાલી રહી છે. ખાસ કરીને લુણાવાડા શહેરના મુખ્ય હાઇવે પર આવેલી કોટેજ ચોકડી પાસે સઘન તપાસ કરવામાં આવી હતી. મહીસાગર જિલ્લામાં આવેલી ગુજરાત-રાજસ્થાન સરહદ પરની ચેકપોસ્ટો પર પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે. **તસવીરઃ ચિંતન પટેલ**

આણંદમાં એલર્જી-અસ્થમા અંગે નિઃશુલ્ક કેમ્પ યોજાશે

વિવિધ તકલીફો વાળા અને દરેક ઉમરના દર્દીઓ તેનો લાભ લઇ શકશે

(પ્રતિનિધિ) આણંદ તા.12

આણંદ ખાતે 15મી નવેમ્બરના રોજ નિઃશુલ્ક એલર્જી અને અસ્થમા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિઃશુલ્ક એલર્જી કેમ્પમાં નામ નોંધાવવા માટે નંબર 02692-259 211 તથા 99256 56 967 ઉપર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આણંદમાં વિન્સીયર એલર્જી અને અસ્થમા કલીનીક દ્વારા આગામી 15મી નવેમ્બરના શનિવારના દિવસે વિવિધ પ્રકારની એલર્જીની તકલીફો વાળા દર્દીઓ માટે વિનામુલ્યે તપાસ અને સારવાર માટે કેમ્પ યોજાશે. આ કેમ્પ દરમિયાન દરેક પ્રકારની એલર્જી ને લગતી તકલીફો જેવી કે વારંવાર ઉદરસ થવી, શ્વાસ કે હાંફ ચડવો, આંખો લાલ થવી, આંખમાંથી પાણી પડેવું, નાક, આંખ, કાન અને શરીર ઉપર ખંજવાળ આવવી વગેરે દરેક પ્રકારની એલર્જી ને લગતી બધી જ તકલીફો વાળા અને દરેક ઉમરના દર્દીઓ તેનો લાભ લઇ શકશે. આ કેમ્પનો સમય સાંજે 5-00 વાગ્યાથી 7-00 સુધીનો રહેશે. આ કેમ્પનું સ્થળ, કિલ્લોલ બાળકોની હોસ્પિટલ, મહાવીર માર્ગ, આણંદ રહેશે. આ એલર્જીને લગતી બીમારીઓની વધુ માહીતી મેળવવા માટે તેમજ તેની તપાસ, નિદાન અને અદ્યતન સારવાર માટે નિઃશુલ્ક એલર્જી કેમ્પમાં નામ નોંધાવવા જણાવ્યું છે.

બાલાસિનોર અને વીરપુરમાં મજુરી કામે આવી ચોરી કરતી ગેંગનો સભ્ય પકડાયો

વીરપુરની દરગાહમાં કળશની ચોરીમાં પોલીસને ગોળ ગોળ ફેરવતો રિઢો તસ્કર

બાલાસિનોર તાલુકા પોલીસે પકડી પાડેલા તસ્કરે દરિયાઇ પીર દરગાહની ચોરી કબુલતા વીરપુર પોલીસે કબજો સંભાળ્યો

(પ્રતિનિધિ) વીરપુર તા.12

વીરપુર પંથકની સુપ્રસિદ્ધ દરિયાઈ પીર દરગાહમાં સપ્ટેમ્બર મહિનામાં તસ્કરો ત્રાટક્યાં હતાં અને દરગાહના ગુંબજ ઉપર ચડી ત્રણ પીળા કલરના ગોળાકાર કળશની ઉપર આવેલા નળાકાર કળશની પરથી 400 ગ્રામ સોનું કિંમત રૂ.15.30 લાખની ચોરી કરી ગયાં હતાં. આ અંગે બાલાસિનોર તાલુકા પોલીસે પકડી પાડેલા દાહોદના શખસની પુછપરછ કરતાં તેણે દરગાહ સહિત 5 ચોરી કબુલી હતી. આ ઉપરાંત દરગાહની ચોરી સમયે તેની સાથે અન્ય બે તસ્કરો પણ હોવાનું કબુલ્યું હતું. આ કબુલાત આધારે વીરપુર પોલીસે તેનો કબજો સંભાળી બે દિવસના રિમાન્ડ મેળવ્યાં છે.

વીરપુરની દરિયાઇ પીર દરગાહ 3જી સપ્ટેમ્બરની રાત્રિના તસ્કરો ત્રાટક્યાં હતાં. આ તસ્કરોએ માત્ર એક કલાકના ગાળામાં જ દરગાહમાં પ્રવેશ કરી દરગાહ ઉપર આવેલા ગુંબજ ઉપર ચડી ગુંબજ પર આવેલા ત્રણ પીળા કલરના ગોળાકાર કળશની ઉપર આવેલા નળાકાર કળશની ઉપર સોનાનો શંકુ આકારનો કળશ આશરે 400 ગ્રામ કિંમત રૂ.15.30 લાખના કળશની ચોરી કરી હતી. આ ઘટનાની વીરપુર પોલીસ તપાસ ચલાવી રહી હતી.

બીજી તરફ બાલાસિનોર તાલુકા પોલીસના પોલીસ ઇન્સ્પેક્ટર ડી. કે. ઠાકરે પાંડવા ગામની ચોરીની તપાસમાં પપ્પુ ભાવસિંગ પલાસ (રહે. છરછોડા, તા. ગરબાડા)ની અટક કરી હતી. આ પપ્પુની પૂછપરછમાં તેણે છ મહિનામાં બાલાસિનોર, વીરપુર અને કોઠંબા પોલીસ સ્ટેશન વિસ્તારમાં 5 ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. આ ચોરીમાં તેની સાથે અન્ય બીજા બે શખસ પણ હતાં. આ ત્રણેયની ટોળકી જ્યાં મજુરી કરવા જાય ત્યાં જ આસપાસમાં રેકી કરી ચોરી કરી હતી.

આ ચોરીમાં પપ્પુ પલાસે દરિયાઇ પીરની દરગાહની પણ ચોરી કબુલી હતી. આથી, તેને કોઠંબા પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો. જ્યાંથી વીરપુર પોલીસે પપ્પુનો ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી છે. દરિયાઇ પીર દરગાહની ચોરીમાં કળશ કોની પાસે છે ? ચોરી બાદ કોને વેચ્યો છે ? વગેરે બાબતોની પુછપરછ માટે બે દિવસના રિમાન્ડ મેળવ્યાં છે. જોકે, પોલીસે પપ્પુને દરગાહ ખાતે લઇ જઇ રિ-કન્ટ્રકશન કરાવ્યું હતું. જ્યાં તેણે સમગ્ર ચોરી અંગે ભેદ ખોલ્યો હતો.

કનેરામાં કુરિયર પાર્સલોમાં ₹ 8.16 લાખનો દારૂ મળ્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા. 12

ખેડા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) પોલીસે કનેરા ગામ નજીક આવેલા એક વેરહાઉસના ગોડાઉનમાંથી કુરિયરની આડમાં પાર્સલમાં હેરાફેરી થઈ રહેલા વિદેશી દારૂનો મોટો જથ્થો સતત બીજા દિવસે ઝડપી પાડ્યો હતો. LCB પોલીસે કુલ 2592 બોટલ જેની કુલ કિંમત 8.16 લાખ ગણી વિદેશી દારૂ કબજે કરાયો છે અને ખેડા ટાઉન પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે. ખેડા LCB પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે તારીખ 10મી નવેમ્બરના રોજ કનેરા ખાતે આવેલી દેલ્હી વેરી લિમિટેડ કંપનીના ગોડાઉનમાંથી કુરિયરના પાર્સલોમાં છુપાવેલો લાખો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો, જેના પગલે દારૂની હેરાફેરીનું આ મોટું નેટવર્ક ખુલ્લું પડ્યું હતું. આ કાર્યવાહીના બીજા જ દિવસે, એટલે કે ગઈકાલે સાંજે પણ LCB ખેડા પોલીસે બાતમીના આધારે આ જ દેલ્હી વેરી લિમિટેડ કંપનીના ગોડાઉનમાં ફરી રેડ પાડી હતી. રેડ દરમિયાન કુરિયર કંપની દ્વારા આવેલા પાર્સલોની તલસ્પર્શી તપાસ કરાઇ હતી. તપાસમાં જાણવા મળ્યું કે, 'સાઈ એન્ટરપ્રાઇઝ ગોવા' નામની કંપની દ્વારા મોકલાવેલા 32 લાકડાના બોક્સમાં વિદેશી દારૂની 2592 બોટલો છુપાવેલી હતી, જેની કિંમત 8.16 લાખ ગણવામાં આવી છે. આ કુરિયર પાર્સલો પર 'રાધે એન્ટરપ્રાઇઝ વંથલી જુનાગઢ' અને 'દીપ એન્ટરપ્રાઇઝ કેશોદ જુનાગઢ' જેવાં નામ પાર્સલ મંગાવનાર તરીકે સ્ટીકર પર લગાવેલા જોવા મળ્યા હતા.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

કપડવંજના માતા - પુત્રને ઓલ સિપાહી એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા એવોર્ડ એનાયત કરાયો

કપડવંજ | અમદાવાદ ખાતે ઓલ સિપાહી એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા ભવ્ય એવોર્ડ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં

ડોક્ટર મહેબૂબ કુરેશી પ્રેસિડેન્ટ તથા ઉસ્માનખાન રાઠોડ મહામંત્રી, ડોક્ટર જાસ્મીન પઠાણ અને અતિથિ વિશેષ તરીકે શાહબુદ્દીન રાઠોડ, બહાદુરખાન પઠાણ, ડોક્ટર મેહરુનિસ્સા દેસાઈ વિગેરે હાજર રહ્યા હતા. આ ભવ્ય કાર્યક્રમમાં ડો. નાઝીન રાણા જેમનું મૂળ વતન કપડવંજ છે જે અમદાવાદમાં પ્રેક્ટિસ કરે છે, તેમનું તેમના માસ્ટર ડિગ્રીમાં હાઈએસ્ટ માર્ક તથા ડોક્ટર તરીકે સેવા આપવા બદલ ગોલ્ડ મેડલ તથા ટ્રોફી આપી સન્માન કરાયું હતું. કાર્યક્રમમાં તેમના દીકરા હુરને પણ સેન્ટ ઝેવિયર્સમાં 96 ટકા મેળવવા બદલ ટ્રોફી આપી ગોલ્ડ મેડલ આપી સન્માન કરાયું હતું.

કપડવંજમાં લાલો ચલચિત્ર જોવા ભાવિકો લાલાની મૂર્તિને લઈને ચલચિત્ર જોવા આવ્યા

કપડવંજ | નટરાજ મલ્ટીપ્લેક્સ સિનેમામાં ગુજરાતી સુપર હિટ ફિલ્મ 'લાલો' નિહાળવા કપડવંજનુ કૃષણ પ્રેમિ પરિવાર શ્રી કૃષ્ણ ભગવાન

(લાલા)ને લઈને પધાર્યા હતાં. જેમાં મહેશભાઈ, કાનજીભાઈ, ઉર્વિશ, હર્ષ, રીચા, નીતાબેન, વૈશાલીબેન, અમિતાબેન, અશ્વિનભાઇ, લાલા મેં તેડીને લાલો કૃષ્ણ સદા સહાયતે ફીલ્મ નિહાળવા આવ્યાં હતાં. આજના યુવાનોને બતાવવા જેવી ફીલ્મ જોવા સિનિયર સીટીઝનથી માંડી નાના ભૂલકાઓ લાલાને મળવા જઈ રહયા છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

કપડવંજના દંપતિએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે મુલાકાત લીધી

કપડવંજ | કપડવંજના દશા પોરવાડ જ્ઞાતિના અને કપડવંજના વતની કિરીટકુમાર કુંદનલાલ પરીખના પુત્ર હાર્દિક અને પુત્ર વધૂ પરિધિએ

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાથે મુલાકાત કરી હતી. શિક્ષણ, ગણિત અને ગુજરાતમાં શિક્ષણના ભવિષ્યને લઈને અર્થપૂર્ણ ચર્ચા થઈ હતી. મુખ્યમંત્રીનો વિનમ્ર સ્વભાવ, ધીરજ અને પ્રજ્ઞા પ્રેરણારૂપ છે. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાત અને ભારતના શિક્ષણના ઉજ્જવળ ભવિષ્યને આકાર આપવા માટે યોગદાન આપવાની અમારી ખાતરી દર્શાવી હતી.તેઓએ ગુજરાતના મુખ્યમંત્રીને મળવાનો, ચર્ચા કરવા માટે અવસર મળ્યો હતો.

કઠલાલ - કપડવંજ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સ્નેહ મિલન અને સત્કાર સમારંભ યોજાયો

કઠલાલ | કઠલાલમાં આવેલા આશાપુરી માના મંદિરના પટાંગણમાં અને હરેશ્વર મહાદેવના સાનિધ્યમાં સમસ્ત બ્રહ્મ સમાજ કઠલાલ -

કપડવંજ દ્વારા સ્નેહ મિલન અને સત્કાર સમારંભ યોજાયો હતો. આ સત્કાર સમારંભના પ્રમુખ સ્થાને ગુજરાત પ્રદેશ પ્રમુખ શૈલેષભાઈ ઠાકર, મુખ્ય અતિથિપદે પ્રદેશ મહામંત્રી અનિલભાઈ શુક્લ, ગુજરાત પ્રદેશ મહિલા પ્રમુખ ધારીણીબહેન શુક્લ, ગુજરાતના પૂર્વ પ્રદેશ પ્રમુખ મહેશ મહેતા, અતિથિ વિશેષ પદે ખેડા જિલ્લા પ્રમુખ મૌલેશભાઈ મહેતા, ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ તન્મય રાવલ, ગુજરાત પ્રદેશ યુવા પ્રમુખ પ્રશાંતભાઈ ઠાકર, ખેડા જિલ્લા યુવા પ્રમુખ પાર્થભાઈ વ્યાસ (ટેટુ વાળા), રાજન ત્રિપાઠી વિગેરે મોટી હાજર રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન ડો.રશ્મિન રાવલ અને જીતુભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે સુવર્ણપ્રાશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી અને એસ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલ, ન્યુ વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે આણંદ

કૃષિ યુનિવર્સિટીના અધિકારી, કર્મચારી, પેન્શનરો, ફાર્મ મજુરો તથા યુનિવર્સિટી વસાહતીઓના 0થી 15 વર્ષની ઉમરના બાળકો માટે ડો. જી.આર. પટેલ, નિયામક, વિદ્યાર્થી કલ્યાણ દ્વારા હેલ્થ સેન્ટર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે સુવર્ણપ્રાશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કુલ 107 બાળકોએ લાભ લીધો હતો. હેલ્થ સેન્ટર અને એસ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલ, ન્યુ વલ્લભ વિદ્યાનગરના સ્ટાફ દ્વારા સેવાઓ પુરી પાડવામાં આવી હતી.

બાલાસિનોરના છેવાડાના અંતરિયાળ ગામમાં નેત્ર નિદાન તથા સર્વ રોગના કેમ્પ યોજાયો

બાલાસિનોર | તાલુકાના છેવાડે આવેલા અંતરિયાળ ગુંદેલા ગામમાં ભાજપ મહિલા મોરચા ઉપપ્રમુખ જયાબેન ચુ. ઠાકોરના જન્મદિને નેત્ર નિદાન, ચશ્મા વિતરણ, સર્વરોગ નિદાન અને ડાયાબિટીસ કેમ્પ તથા

જરૂરિયાતમંદને ટેકા લાકડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાલાસિનોર લાયન્સ ક્લબના સહયોગથી નેત્ર ચિકિત્સા કેમ્પમાં અંધજન મંડળ નડિયાદના સહયોગથી 146 ગ્રામજનોની આંખોનું મફત નિદાન કરવામાં આવ્યું હતું. જેમાં 123 ગ્રામજનોને આંખના નંબર કાઢી વિના મૂલ્યે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં બાલાસિનોર ધારાસભ્ય માનસિંહ ચૌહાણ, સરપંચ જગતસિંહ ચૌહાણ, ચુ.કે. ઠાકોર પરિવાર, પ્રવીણભાઈ સેવક વિગેરે હાજર રહ્યાં હતાં.

ચારુસેટ - સીઆઈવીએફ 'સ્ટાર્ટઅપ ગ્રોથ કેટાલિસ્ટ એવોર્ડ'થી સન્માનિત કરાયાં

આણંદ | ચારુસેટ યુનિવર્સિટીની સેક્શન-8 કંપની ચારુસેટ ઇનોવેટિવ વેન્ચર્સ ફાઉન્ડેશન એ અદાણી ગ્રુપના 'ગ્રીન ટોક્સ ઇનિશિયેટિવ'માં પ્રતિષ્ઠિત 'સ્ટાર્ટઅપ ગ્રોથ કેટાલિસ્ટ એવોર્ડ' પ્રાપ્ત કરીને મહત્વપૂર્ણ

સીમાચિહ્ન હાંસલ કર્યું છે. આ એવોર્ડ 'ગ્રીન ટોક્સ ઇનિશિયેટિવ' પ્રત્યે CIVF ના નોંધપાત્ર યોગદાનને ખાસ કરીને પ્રોગ્રામ પ્રમોશન, સ્ટાર્ટઅપ સ્કાઉટિંગ અને સ્ક્રીનીંગને ધ્યાનમાં રાખી એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ચારુસેટ તરફથી સીઆઈવીએફના સિનિયર એક્ઝિક્યુટિવ ઓફિસર ડો. સ્વાતિ જોશી ઉપસ્થિત રહ્યા હતા જેમના નેતૃત્વ અને સમર્પણ થકી ગ્રીન ટોક્સ પ્લેટફોર્મ સાથે CIVF ના જોડાણની સફળતા સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

આણંદની ચરોતર ઇંગ્લિશ મિડિયમ સ્કૂલમાં ગુજરાત વિદ્યાપીઠ સ્વાવલંબન યાત્રા યોજાઇ

આણંદ | ચરોતર ઇંગ્લિશ મિડિયમ સ્કૂલમાં 'ગુજરાત વિદ્યાપીઠ સ્વાવલંબન યાત્રા' અંતર્ગત વિદ્યાર્થીઓએ સ્વદેશી વસ્તુઓના મહત્ત્વ વિશે અભ્યાસ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ સ્વદેશી ચીજોના ઉપયોગના મહત્વને સમજવા માટે માહિતીસભર વિડીયો જોયો તેમજ સ્વદેશી જીવનશૈલી અપનાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે સ્કૂલના આચાર્ય કાર્તિક પટેલે વિદ્યાર્થીઓને સંબોધન કર્યું અને સ્વદેશી વિચારધારાને જીવનમાં ઉતારવાની પ્રેરણા આપી હતી. તેમણે કહ્યું કે, "સ્વદેશી ચીજોના ઉપયોગથી દેશની આર્થિક પ્રગતિમાં આપણી સીધી ભાગીદારી છે."

લુણાવાડાની એસ.કે. હાઇસ્કૂલના કબ્બડી ખેલાડીઓએ તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમ મેળવ્યો

લુણાવાડા | લુણાવાડા કેળવણી મંડળ સંચાલિત એસ.કે. હાઇસ્કૂલના તેજસ્વી વિદ્યાર્થીઓએ તાજેતરમાં યોજાયેલા ખેલ મહાકુંભની તાલુકા

કક્ષાની કબ્બડી સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવીને શાળા અને સમગ્ર લુણાવાડાનું ગૌરવ વધાર્યું છે. આ શાનદાર સફળતા બદલ, કોચ શિક્ષકો નીતિનભાઈ પ્રજાપતિ અને ભરતભાઈ પાદરીયાએ વિજેતા ખેલાડીઓને શ્રેય આપ્યો હતો. સ્પર્ધામાં હાજર ઉપસ્થિત સૌ મહાનુભાવોએ આશા વ્યક્ત કરી હતી કે આ તેજસ્વી ખેલાડીઓ આગામી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પણ ઝળહળતું પ્રદર્શન કરીને શાળાનું નામ વધુ રોશન કરશે.

લુણાવાડામાં રોજગારી અને સ્કિલ ડેવલપમેન્ટ અંગે એક વિશેષ માર્ગદર્શન અપાયું

લુણાવાડા | લુણાવાડા ખાતે ક્રાંતિકારી જન નેતા ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ નિમિત્તે, સીઇડી ગાંધીનગર અને રાધાસ્વામી એજ્યુકેશન ટ્રસ્ટ, લુણાવાડા દ્વારા રોજગારી અને સ્કિલ ડેવલપમેન્ટ અંગે એક વિશેષ માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને રોજગારી અને કૌશલ્ય વિકાસની તકો અંગે માર્ગદર્શન આપવાનો હતો. આ પ્રસંગે ટ્રેનિંગ ઓફિસર મેહુલ પંડ્યા, એક્સપર્ટ ફેક્લ્ટી રોહિત દવે અને ઉદ્યોગસાહસિક પ્રહલાદસિંહ ગોહિલ જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના ડિરેક્ટર પ્રહલાદસિંહ ગોહિલે કાર્યક્રમને સફળ બનાવવા બદલ તમામ સ્ટાફ મિત્રોનો આભાર વ્યક્ત કર્યો હતો.

આણંદની સરદાર વલ્લભભાઈ પટેલ હાઇસ્કૂલ ખાતે આરોગ્ય ચકાસણીનું આયોજન કરાયું

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ હાઇસ્કૂલ, ખેતીવાડી આણંદ ખાતે

આરોગ્ય ચકાસણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત શાળાના તમામ વિદ્યાર્થીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી હતી. આ શાળા આરોગ્ય કાર્યક્રમ, રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ એ નવજાત શિશુથી લઈને 18 વર્ષના બાળક સુધીની વિનામૂલ્ય કરવામાં આવતી તપાસ છે. શાળાના આચાર્ય યોગેશભાઈ પટેલે તમામ મેડિકલ સ્ટાફ નો આભાર માન્યો હતો.